# 'નરક મેં સ્વર્ગ' મહારાષ્ટ્રના આગેવાન સંજય રાઉતનું આત્મકથન

મહારાષ્ટ્રના શિવસેના (ઉદ્ધવ ઠાકરે જૂથ)ના અગ્રણી આગેવાન સંજય રાઉતનું અંગ્રેજીમાં 'અનલાઈકલી પેરેડાઈઝ' નામનું પુસ્તક પ્રકાશિત થયું છે. હિંદીમાં આ પુસ્તકનું નામ 'નરક મેં સ્વર્ગ' છે. સંજય રાઉતની ઓળખ રાજકીય આગેવાન ઉપરાંત એક પત્રકાર તરીકેની પણ છે. શિવસેનાનું મુખપત્ર અખબાર 'સામના'ના તેઓ કાર્યકારી સંપાદક છે અને તેઓ રાજ્યસભાના સાંસદ પણ છે. સંજય રાઉતના પુસ્તકે હાલમાં ખાસ્સી ચર્ચા જગાવી છે. તેમણે પુસ્તકમાં વર્તમાન ભાજપની સરકાર વિશે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ વિશે જે કંઈ લખ્યું છે તે અંગે તેમના સાહસની પ્રશંસા થઈ રહી છે અને 2024માં સંજય રાઉતને બદનક્ષીના એક કેસમાં જેલમાં પણ જવું પડ્યું હતું. મુંબઈના પત્ર ચાલ કૌભાંડમાં પણ તેમનું નામ આવ્યું હતું અને 'એન્ફોર્સમેન્ટ ડિરોક્ટરેટે'[ઈડી] તેમને સમન્સ પાઠવ્યું હતું. સંજય રાઉત વિવાદિત વ્યક્તિત્વ છે અને તેમના જીવન સાથે આવી અનેક ઘટનાઓ છે; જેમાં તેઓને સાવ અન્યાયી બાજુ ઊભા હોય તેમ જોઈ શકાય છે. જેમ કે, શિવસેનાના સ્થાપક બાળાસાહેબ ઠાકરેના અવસાન બાદ મુંબઈ બંધ રહ્યું હતું ત્યારે ફેસબુક પર બે યુવતીઓએ પોતાનો મત દર્શાવ્યો હતો, જે બાળાસાહેબ ઠાકરેની છબિને છાજે એવો નહોતો, ત્યારે તે બંને યુવતીઓની ધરપકડ કરવામાં આવી હતી. એ જ રીતે તેમણે 2015માં એવો મત વ્યક્ત કર્યો હતો કે મુસ્લિમોનો મત થોડાં વર્ષ માટે સ્થગિત કરી દેવો જોઈએ, જેથી રાજનીતિમાં તેમનો ઉપયોગ વોટબેંક તરીકે ન થાય. સંજય રાઉતના જીવનમાંથી આવા અનેક વિવાદિત નિવેદન અને ઘટના સંબંધિત તેમનું લખાણ કાઢી શકીએ. મીડિયા સાથે પણ તેઓ વાત કરે છે ત્યારે તેમનો ઉગ્ર મિજાજ ઝળકતો હોય છે.

વિવાદિત વ્યક્તિત્વ હોવા છતાં મહારાષ્ટ્રની અને દેશની રાજનીતિમાં તેમનું અસ્તિત્વ રહ્યું છે. તેઓ છેલ્લાં અઢાર વર્ષથી રાજ્યસભાના સભ્ય છે. વિવિધ સંસદીય સમિતિના પણ તેઓ સભ્ય રહ્યા છે. એ રીતે જોઈએ તો તેમની પાસે કેન્દ્રની અને મહારાષ્ટ્રની રાજનીતિનો લાંબો અનુભવ છે. આમ તેમનું વ્યક્તિત્વ અને કારકિર્દીને જોઈએ તો તેઓ જે કંઈ લખે તેના પર એક વાર દૃષ્ટિ કરવી રહી. તેમનું આ પુસ્તક જ્યારે પ્રકાશિત થયું ત્યારે તેને વધાવનારાઓમાં જાણીતા એડવોકેટ અને રાજ્યસભાના સભ્ય કપિલ સિબ્બલ, દિલ્હીના પૂર્વ મુખ્ય મંત્રી અરવિંદ કેજરીવાલ, કૉંગ્રેસના અગ્રગણ્ય આગેવાન દિગ્વિજય સિંઘ, તૃણમૂલ કૉંગ્રેસ વતી રાજ્યસભાના સભ્ય ડેરેક ઓ'બ્રાયન, '4 પીએમ' ચેનલના સ્થાપક સંજય શર્મા હતા. આ તમામે સંજય રાઉતના લેખન સાહસને બિરદાવ્યું.

આ પુસ્તકની ચર્ચા થઈ રહી છે તેનું મુખ્ય કારણ વર્તમાન સરકાર પર સંજય રાઉતની ટિપ્પણી છે. આ ટિપ્પણીને ભાજપ દ્વારા નકારી દેવામાં આવી છે પરંતુ સંજય રાઉતે આ ટિપ્પણીઓ પોતાના શબ્દોમાં લખી છે અને તે વિશે તેઓ ઠોસ રીતે જાહેરમાં બોલી પણ રહ્યા છે. જેમ કે તેમણે એક ચોંકાવનારી ઘટના વિશે લખ્યું છે કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ જ્યારે રાજકીય રીતે મુશ્કેલીમાં હતા ત્યારે તેમની મદદે તત્કાલીન શિવસેનાના સર્વેસર્વા બાળાસાહેબ ઠાકરે અને 'એનસીપી'ના પ્રમુખ શરદ પવાર આવ્યા હતા. રાઉત કહે છે કે, 2002નાં રમખાણો મુદ્દે તે વખતના ગુજરાતના મુખ્ય મંત્રી તરીકે નરેન્દ્ર મોદીની ધરપકડ સુધી વાત પહોંચી હતી પરંતુ તે અંગે ઠાકરે અને પવારનો મત એવો હતો કે નરેન્દ્ર મોદી ચૂંટાયેલા મુખ્ય મંત્રી છે અને તેથી તેમની ધરપકડ થઈ શકે નહીં પરંતુ હવે આ પૂરા વિષય વિશે નરેન્દ્ર મોદી અને અમિત શાહ કૃતઘ્નતા દાખવતા નથી. રાઉતે એમ પણ કહ્યું છે કે આ વિશે શરદ પવાર વધુ ફોડ પાડી શકે. એ જ પ્રમાણે રાઉત એવો પણ દાવો કરે છે કે એક કેસમાં જ્યારે વર્તમાન ગૃહમંત્રીને જામીન મળવી મુશ્કેલી હતી ત્યારે અમિત શાહે બાળાસાહેબ ઠાકરેની મદદ લીધી હતી. બાળાસાહેબ ઠાકરેએ આ અંગે કેટલાંક લોકો સાથે વાતચીત પણ કરી હતી પરંતુ તે પછી અમિત શાહ એવી ભૂમિકામાં આવ્યા કે જેના કારણે શિવસેનામાં ભાગલા પડ્યા.

સંજય રાઉત આવાં અનેક રહસ્યો આ પુસ્તક દ્વારા જાહેર કરી રહ્યા છે. તેઓ માને છે કે એક સમયે મીડિયાએ ગુજરાતના મુખ્ય મંત્રી નરેન્દ્ર મોદીની છબિ ખૂબ ખરાબ કરી હતી. તે સમયે બાળાસાહેબ ઠાકરે જ હતા, જેમણે અનેક વાર નરેન્દ્ર મોદીનો બચાવ કર્યો હતો. સંજય રાઉતે પુસ્તકમાં લખ્યું છે તે તેમનો મત છે પરંતુ જે રીતે તેમણે ભાજપના ટોપ લિડરશીપ સામે પ્રશ્નો કર્યા છે, તેથી મહારાષ્ટ્રના ભાજપના નેતાઓ તેમના પુસ્તક વિશે કટાક્ષમાં જવાબ આપી રહ્યા છે. મહારાષ્ટ્રના હાલના મુખ્ય મંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું છે કે, ''હું નવલકથા અને બાળકોનાં પુસ્તકો હવે વાંચતો નથી.'' રેવન્યુ મંત્રી ચંદ્રશેખર બાવાકુંવલેએ કહ્યું કે, ''મિ. રાઉતે તેમના પુસ્તકનું નામ બદલીને 'નરકના સ્વર્ગથી નરકના રાઉત' એમ કરવું જોઈએ અને એક મંત્રીએ સંજય રાઉતને જ કઠેડામાં ખડા કરીને એમ લખ્યું છે કે, ''તેઓ કેટલાંક પાનાં લખવાનું ભૂલી ગયા છે. રાઉતે પોતે તેમના કેસ દરમિયાન ઠાકરે પરિવાર વિશે કેવા શબ્દોનું ઉચ્ચારણ કર્યું હતું તે તેમણે લખ્યું નથી. જો તેઓ બધાં જ તથ્યો લખત તો ઉદ્ધવ ઠાકરે જ તેમને નરકમાં મોકલત.''

ઈન સાઈડ આઉટ સાઈડ
કિરણ કાપૂરે

દેશના રાજકીય ગલિયારામાં શું થાય છે તેની ઘણી વાતો લોકોથી અજાણી જ રહે છે. દેશના ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખરેએ કેમ રાજીનામું આપ્યું તે અંગે ઘણી અટકળો થતી રહી પરંતુ તે વિશે સત્ય બહાર ન આવ્યું. પરંતુ હવે 'અનલાઈકલી પેરેડાઈઝ' દ્વારા સંજય રાઉત તે પૂરા પ્રકરણમાં શું થયું હતું તે જણાવી રહ્યા છે. તેમના મતે, પૂર્વ ઉપ-રાષ્ટ્રપતિએ 'ઈડી'ના દબાણ હેઠળ રાજીનામું આપ્યું હતું. રાઉતના મત મુજબ એવું કહેવાય છે કે ઉપ-રાષ્ટ્રપતિ તરીકે જગદીપ ધનખર મોદી સરકાર વિરુદ્ધ પોતાના મત જાહેર કરવા માંગતા હતા. આ વિગત કોઈક રીતે સરકાર સુધી પહોંચી ગઈ. તે કારણે 'ઈડી' દ્વારા એક ફાઈલ તૈયાર કરવામાં આવી, જેનાથી જગદીપ ધનખરને એ સ્થિતિમાં મુકાયા કે તેઓ રાજીનામું સામેથી ધરી દે. જો કે ઉપ-રાષ્ટ્રપતિએ પદ છોડવાનું કારણ સ્વાસ્થ્યનું આપ્યું હતું. આ પુસ્તકનું વિમોચન દિલ્હીમાં 'કોન્સ્ટિટ્યુશન ક્લબ'માં થયું હતું અને રાઉત અહીંયા કહે છે કે, તેમને જેલમાં નાંખવામાં આવ્યા કારણ કે કોઈ પણ હિસાબે તેઓનું મનોબળ તૂટી જાય. અમે કોઈ પણ રીતે પાંગળા બની જઈએ. જેથી અમે તેમના તાબામાં આવી જઈએ પરંતુ અમારામાંથી કોઈ તૂટ્યું નહીં અને અમને હંમેશાં કપિલ સિબ્બલ જેવા આગેવાનનો સાથ મળતો રહ્યો છે. રાજકીય રીતે દુશ્મની કેવી રીતે નીકળે છે તે અંગે પણ આ પુસ્તકના વિમોચન વેળાએ શરદ પવારે જે વાત કહી હતી તે ચોંકાવનારી છે.

તેમણે કહ્યું કે, 'ધ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરીંગ એક્ટ'(પીએમએલએ)નામનો કાયદો લાવવામાં આવ્યો ત્યારે તેમણે 'યુપીએ' સરકારને ચેતવણી આપી હતી કે આ કાયદો જોખમી છે. એટલે સુધ્ધાં કહ્યું હતું કે જો આપણે શાસનમાં નહીં હોઈએ ત્યારે તે કાયદો આપણી વિરુદ્ધ જ ઉપયોગમાં લેવાશે. કેબિનેટમાં આ કાયદાનો પ્રસ્તાવ તત્કાલીન કેન્દ્રિય મંત્રી પી. ચિદમ્બરમે મૂક્યો હતો. સંજય રાઉતના પુસ્તકે આમ રાજકીય બેડામાં ચર્ચા જગાવી છે. સંજય રાઉતના પુસ્તક વિશે વિપક્ષ અને શાસક બંને તરફી-વિરોધી નિવેદન આપી રહ્યા છે. આ પુસ્તકમાં ગંભીર આરોપ છે અને કેટલાંક તથ્યો સામે મૂકવાનો દાવો છે. હવે જોઈએ કે સંજય રાઉતનું આ પુસ્તક વાચકોને કેવું લાગે છે?






**વિવાદિત વ્યક્તિત્વ હોવા છતાં મહારાષ્ટ્રની અને દેશની રાજનીતિમાં તેમનું અસ્તિત્વ રહ્યું છે. તેઓ છેલ્લાં અઢાર વર્ષથી રાજ્યસભાના સભ્ય છે. વિવિધ સંસદીય સમિતિના પણ તેઓ સભ્ય રહ્યા છે. એ રીતે જોઈએ તો તેમની પાસે કેન્દ્રની અને મહારાષ્ટ્રની રાજનીતિનો લાંબો અનુભવ છે. આમ તેમનું વ્યક્તિત્વ અને કારકિર્દીને જોઈએ તો તેઓ જે કંઈ લખે તેના પર એક વાર દૃષ્ટિ કરવી રહી**



# નોકરીના પાંચ દિવસ

તો વાત એમ છે કે એક તો જંગલ વિસ્તાર ઉપરથી ઊંચા, ગીચ, કપાઈ જવાથી બચી ગયેલાં વૃક્ષોની વચ્ચે એક પાતળો રસ્તો જે અત્યારે તો સારો હતો પણ ઉબડ-ખાબડ થવા માટે આવતા વરસે વરસાદની રાહ જોતા બચ્યો હતો એ રસ્તા પરથી એક જીપ જઈ રહી છે. જેનો કર્કશ અવાજ અને અલ્લડ છટા જોઈને કહી શકાય કે આ ગાડી તો નક્કી સરકારી છે. એ ગાડી નજીક આવી ત્યારે અમે જોયું કે એમાં વન વિભાગનો એક અધિકારી હતો, જે દૂરથી અદલ ટારઝન જેવો લાગતો હતો. એ જંગલનું નિરીક્ષણ કરવા જઈ રહ્યો હતો. કદાચ જંગલમાં, હજી યે કાપવા માટે કેટલાં ઝાડ બચ્યાં છે, એની ગણતરી કરવા.

આગળ એ જ રસ્તા પર વન વિભાગના મજૂરો, રસ્તાનું કામ નથી કરી રહ્યાં, બસ બીડી પીતાં પીતાં એકબીજાનાં મોંઢા જોઈ રહ્યા છે અથવા ઉપર ખુલ્લા આકાશને અમસ્તા જ જોઈ રહ્યા છે. અડધો બનેલો સરકારી રસ્તો છો પડ્યો એની જગ્યાએ અને બીડીઓનું સુખ લેતા મજૂરો, એય ને એમની જગ્યાએ! એ મજૂરો કાંઈ આઈ.એ.એસ. તો છે નહિ. અરે, તેઓ હેડક્લાર્ક કે સુપ્રિટેન્ડેન્ટ પણ નથી પણ સરકારી કામ કરી રહ્યા છે એટલે એમને કામના સમયે કામ ન કરવાનો પૂરેપૂરો હક છે, હોં! જંગલ છે એટલે તેઓ બીડી પી રહ્યા છે. જો હમણાં જંગલની જગ્યાએ સચિવાલય હોત તો અહીં કેન્ટિન હોત અને આ જ મજૂરો ચા પી રહ્યા હોત. આ જંગલ વિસ્તાર છે એટલે તેઓ રસ્તા પર બેસી બીડી પીવા સિવાય બીજું કરે પણ શું? એટલામાં પેલી સરકારી જીપનું આગમન થાય છે જેમાં ટારઝન છાપ વન વિભાગનો અધિકારી છે.

અધિકારી પોતે કામચોર હોય તો ચાલે પણ એ બીજાઓની કામચોરી સહન નથી કરી શકતો ને પકડીને શિક્ષા આપે છે. અધિકારીને એ જ વાતનો તો પગાર મળે છે. મજૂરોને કામકાજ છોડી નવરા બેઠેલા જોઈને પેલો અધિકારી, ટારઝનની જેમ જીપમાંથી કૂદીને બહાર આવ્યો અને મજૂરોને ગાળો ભાંડવા માંડ્યો. એણે જે ગાળો આપી એ- 'આળસુ', 'બદમાશ' જેવી સાત્ત્વિક ગાળો કરતાં અનેક ગણી ખરાબ હતી. એક ટારઝને એના સમગ્ર જંગલી જીવનમાં ક્યારેય આટલી ગાળો નહીં આપી હોય એટલી પેલા સરકારી વન અધિકારીએ પંદર જ મિનિટમાં આપી.

**જંગલનો રસ્તો હોય કે સરકારી કચેરી, પટાવાળો હોય કે અધિકારી હોય, ત્યાં બધાં કામ કરવા નહીં નોકરી કરવા આવે છે. બધાંને પોતાના ઘરે ઘણું કામ હોય છે. ઘરે કામની કોઈ કમી નથી હોતી પણ કમનસીબે દસથી પાંચનો સમય નોકરીનો છે, જે એમણે નાછૂટકે આપવો પડે છે**

શરદ જોશી સ્પીકિંગ
સંજય છેલ

આમતેમ વાતો કરવા કરતાં આપણે સીધા ક્લાઈમેક્સ પર આવીએ. એક વૃદ્ધ માણસ બીડી ફેંકી બધાંનું પ્રતિનિધિત્વ કરતાં ઊભો થયો અને અધિકારીને કહ્યું, ''સાહેબ, તમે કહો છો કે અમે કામ નથી કરી રહ્યા? એવું નહીં સમજતા કે અમારી પાસે કામ નથી. કામ તો બહુ છે. અમારી પાસે કામની કમી નથી. અમારે પણ ઘર-બાર છે, ખેતી-વાડી છે, ઢોર-ઢાંખર છે, અમારી પાસે ઘરે કરવા માટે ઘણાં કામ છે પણ અહીંયા અમે કામ કરવા નહીં પણ માત્ર નોકરી કરવા આવ્યા છીએ, સરકારની!''

આપણે આ ફિલોસોફીને હવે સમજી લેવી જોઈએ. જંગલનો રસ્તો હોય કે સરકારી કચેરી, પટાવાળો હોય કે અધિકારી હોય, ત્યાં બધાં કામ કરવા નહીં નોકરી કરવા આવે છે. બધાંને પોતાના ઘરે ઘણું કામ હોય છે. ઘરે કામની કોઈ કમી નથી હોતી પણ કમનસીબે દસથી પાંચનો સમય નોકરીનો છે, જે એમણે નાછૂટકે આપવો પડે છે.

હવે સરકાર, અઠવાડિયામાં પાંચ જ દિવસ કામનાં કરવા જઈ રહી છે. લોકોને લાગે છે કે આનાથી સરકારી વિભાગોમાં કામ ઓછું થશે. ના! એવું નથી, નોકરીનાં કામકાજનો સમય ઓછો થશે. કરવા માટે તો ઘરે પણ કામ ઘણું છે જ ને? જે લોકો પહેલાં એક જ દિવસની રજામાં ઘરનું કામ કરતાં હતાં તેઓ હવે બે દિવસ કામ કરશે. એટલે કામ તો વધી જ ગયું ને? હવે અઠવાડિયામાં બે દિવસ કામ કરવું પડશે ને બાકીના પાંચ દિવસ નોકરીનાં.

# બેટ, બોલ અને બિઝનેસ

## IPL એ ક્રિકેટર્સ નહીં પણ મોટા ગૃહો વચ્ચે સર્વોપરિતા માટેનો જંગ

વિશ્વ પ્રસિદ્ધ અને વિશ્વની સૌથી મોટી અને ખમતીધર ફ્રેન્ચાઈઝી લીગ ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ફક્ત એક ક્રિકેટ ટુર્નામેન્ટ નથી, પરંતુ આજના ભારતના વિચાર, મહત્વાકાંક્ષા અને જુસ્સાનું પ્રતિબિંબ બની ગઈ હોય તેવું લાગી રહ્યું છે. જ્યારે ખેલાડીઓ મેદાન પર પોતાનું સર્વસ્વ આપે છે, ત્યારે મેદાનની બહાર ટીમ માલિકોની લાગણીઓ, વિશ્વાસ અને ચિંતા આ લીગને વધુ ખાસ બનાવે છે. આ એક એવું પ્લેટફોર્મ છે જ્યાં મોટા ઉદ્યોગપતિઓ પણ સામાન્ય ચાહકોની જેમ પ્રાર્થના કરતા જોવા મળે છે, અને આ જ IPLની સાચી શક્તિ છે.

IPLની શરૂઆતથી, આપણાને ઘણા ટીમ માલિકો અને ઉદ્યોગના નેતાઓને સમજવાની તક મળી છે, અને નજીકથી જોવાથી તેમના માટે લીગનું મહત્વ સ્પષ્ટ થાય છે. આ IPLની સફળતાનો અંતિમ પુરાવો છે. જ્યારે દેશ ચલાવતા આ લોકોને તેમની ટીમો પ્રત્યે ઉત્સાહી અને ઉત્સાહી તરીકે જોવામાં આવે છે, ત્યારે તે એક અલગ જ ચિત્ર રજૂ કરે છે. લખનૌ

ખેલખેલમેં

સુપર જાયન્ટ્સના માલિક સંજીવ ગોયન્કા એક IPL દરમિયાન કેપ્ટન કેએલ રાહુલને ખખડાવતા હોય તેવી તસવીર ઘણી પ્રચલિત થઈ હતી અને તે પછી કેએલ રાહુલે એ ફ્રેન્ચાઈઝી છોડી દીધી છે. હવે એ જ સંજીવ ગોયન્કાને લઈને એક નવી વાત એ આવી છે કે ગોયેન્કા માને છે કે ફક્ત પ્લેઓફમાં પહોંચવું હવે પૂરતું નથી, પરંતુ લખનૌની ટીમે હવે તેની પહેલી IPL ટ્રોફી જીતવી જ જોઈએ. તેમણે પોતાની ટીમ માટે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ પણ શેર કરીને આ ઈચ્છા દર્શાવી છે, જે બતાવે છે કે હવે તેઓને કોઈપણ હિસાબે ટ્રોફી જોઈએ છે.

### દરેક વ્યક્તિ વિજયનો સ્વાદ ઇચ્છે છે

દરેક વ્યક્તિ IPLના 'પાઈ'નો એક ભાગ ઈચ્છે છે, અને દરેક વ્યક્તિ તેને જીતવા માંગે છે. આ જ કારણ છે કે IPL એ એક એવું સ્તર પ્રાપ્ત કર્યું છે જે પહેલાં કોઈ અન્ય ક્રિકેટ ટુર્નામેન્ટે હાંસલ કર્યું નથી. ઉદાહરણ તરીકે, એક ટીમનું આખું સિનિયર મેનેજમેન્ટ મેચના દિવસોમાં બપોરે 2 વાગ્યે હોટેલ છોડીને એકસાથે પૂજા કરવા માટે નીકળતું. ટીમના પરિણામો હંમેશા તેમના પક્ષમાં ન હોવા છતાં, તેમની સમયસરતા અને આ પરંપરા પ્રત્યેની નિષ્ઠા નોંધપાત્ર હતી. મુંબઈ ઈન્ડિયન્સ કે પછી સનરાઈઝર્સ હૈદરાબાદની મહિલા માલિકો જે રીતે મેદાન પર પોતાની ટીમને ચીયરઅપ કરતી જોવા મળે છે તે દર્શાવે છે કે તેમના માટે ટીમની જીત કેટલી મહત્વની છે. તેમાં પણ સનરાઈઝર્સ હૈદરાબાદની મેચ દરમિયાન એક કેમેરો મેદાનને બદલે ટીમની માલિક કાવ્યા મારન પર સતત મંડાયેલો રહે છે અને તેના કારણે ટીમની હાલત ખરાબ હોય ત્યારે કાવ્યા કેમેરામેન પર ગુસ્સે થતી પણ કેટલીકવાર જોવા મળી છે.





### ભગવાનના આશ્રયમાં ફ્રેન્ચાઇઝી


મોટી કંપનીઓ ચલાવતા ટીમ માલિકો ઘણીવાર તેમની બિઝનેસ મીટિંગમાં એટલા તણાવમાં નથી હોતા જેટલા તેઓ IPL મેચ દરમિયાન હોય છે. એક માલિક તો આખી મેચ દરમિયાન પોતાના પ્રિય દેવતાનો જૂનો ફોટો પકડીને દરેક વિકેટ કે બાઉન્ડ્રી પછી તેને નમન કરતો હતો. IPL માલિકનો બોક્સ આધુનિક ભારતની જટિલતાને સંપૂર્ણ રીતે પ્રતિબિંબિત કરે છે.

બ્રાન્ડેડ કપડાં, મોંઘી ઘડિયાળો, લક્ઝરી કાર અને હાઈટેક મોબાઈલ ફોન અહીં સામાન્ય છે, પરંતુ મેચ શરૂ થતાંની સાથે જ આ જ લોકો શ્રદ્ધાળુ, ભગવાનથી ડરતા ભારતીયોમાં પરિવર્તિત થઈ જાય છે, જે તેમની ટીમની જીત માટે પૂરી શક્તિથી પ્રાર્થના કરે છે. ભલે તેઓ પોતે ક્યારેય ક્રિકેટ રમ્યા હોય કે ન રમ્યા હોય, ઘણા લોકો માને છે કે તેમની પ્રાર્થના મેચનું પરિણામ બદલી શકે છે. મેચ પહેલા ખેલાડીઓને પ્રસાદ આપવામાં આવે છે, તમામ પ્રકારની ધાર્મિક વિધિઓ કરવામાં આવે છે, અને જ્યોતિષ શાસ્ત્ર અનુસાર ટીમના નામ અને જર્સીનો રંગ પણ બદલવામાં આવે છે. આ અનોખા ફેન્ડમ IPLને આંતરરાષ્ટ્રીય ક્રિકેટથી અલગ પાડે છે.

**IPLની શરૂઆતથી આપણાને ઘણા ટીમ માલિકો અને ઉદ્યોગના નેતાઓને સમજવાની તક મળી છે, અને નજીકથી જોવાથી તેમના માટે લીગનું મહત્વ સ્પષ્ટ થાય છે. આ IPLની સફળતાનો અંતિમ પુરાવો છે. જ્યારે દેશ ચલાવતા આ લોકોને તેમની ટીમો પ્રત્યે ઉત્સાહી અને રોમાંચિત તરીકે જોવામાં આવે છે, ત્યારે તે એક અલગ જ ચિત્ર રજૂ કરે છે**

### માલિક માટે ટીમના હિતો સર્વોપરી છે

જોકે, ટીમના માલિકો પ્રદર્શનની બાબતમાં ખૂબ જ કડક હોય છે. અહીં, નામ કે પ્રતિષ્ઠા કરતાં જીત વધુ મહત્વની છે. "વિજેતા બધું જ લઈ લે છે." આનું સૌથી આકર્ષક ઉદાહરણ કોલકાતા નાઈટ રાઈડર્સ છે. જ્યારે શાહરૂખ ખાનની ટીમે 2011 માં સૌરવ ગાંગુલીથી અલગ થવાનો નિર્ણય લીધો, ત્યારે કોલકાતામાં ભારે વિરોધ થયો હતો. ઘણા લોકોએ આગાહી કરી હતી કે KKR તેના ચાહકો ગુમાવશે અને ઈડન ગાર્ડન્સના સ્ટેન્ડ ખાલી થઈ જશે. એવું પણ માનવામાં આવતું હતું કે ગાંગુલીની જગ્યાએ ગૌતમ ગંભીર કેપ્ટન તરીકે સફળ થઈ શકશે નહીં.



શરૂઆતમાં, કેટલીક મેચોમાં હાજરી ઓછી હતી, પરંતુ જેમ જેમ ટીમે સારું પ્રદર્શન કરવાનું શરૂ કર્યું, ચાહકો સ્ટેડિયમમાં પાછા ફર્યા, અને જ્યારે ટીમે 2012 અને 2014 માં ગંભીરની કેપ્ટનશીપ હેઠળ ટાઈટલ જીત્યું, ત્યારે અગાઉની બધી નારાજગી લગભગ દૂર થઈ ગઈ.

આ IPL ની સાચી ઓળખ છે: એક એવું પ્લેટફોર્મ જે ઊંડો વ્યાપારી, અત્યંત સ્પર્ધાત્મક અને ઉત્સાહી ચાહકોથી ભરેલું છે. આગામી દાયકામાં તેની લોકપ્રિયતા વધુ ઝડપથી વધવાની અપેક્ષા છે.